JSW Colouron+ · ISC · durashine · TATA SHAKTEE
ALEVATE – Performance at its peak – Aluminium Roofing Sheets
- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
- TATA Durashine કલરકોટેડ પતરા
- TATA ગેલ્વેનાઈઝના પતરા
- JSW | મોરછાપ | Colouron+ પતરા
- JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
- ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
- સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
- પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ

દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ મહા અમાસ મંગળવાર ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૯૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

### ચીન દ્વારા અરૂણાચલ પ્રદેશથી માત્ર ૮૦૦ કિમી દૂર અણુ શસ્ત્રોમાં થઇ રહેલો વધારો

# સરહદ નજીક અણુ શસ્ત્રો વિસ્તારી રહેલું ચીન

**સેટેલાઇટ** ઇમેજોના વિશ્લેષણમાંથી ચોંકાવનારી માહિતી બહાર આવી

**ચીન** હવે 2030 સુધીમાં 1,000 થી વધુ વૉરહેડ્સ(બોમ્બ) સુધી પહોંચવાના માર્ગ પર

**નવી દિલ્હી, તા. 16 :** સિક્યુઆન પ્રાંતમાં ગુપ્ત સુવિધાઓ પર ચીન આક્રમક રીતે તેના પરમાણુ શસ્ત્રાગારનું નિર્માણ કરી રહ્યું છે. ચીનનું પરમાણુ શસ્ત્રાગાર ઝડપથી વધ્યું છે અને હવે તે 2026ની શરૂઆત સુધીમાં લગભગ 600 વોરહેડ્સ સાથે વિશ્વનું ત્રીજું સૌથી મોટું શસ્ત્રાગાર છે, જે માત્ર રશિયા (આશરે 5,400) અને અમેરિકા (આશરે 5,100-5,200) થી પાછળ છે.

ચીન હવે 2030 સુધીમાં 1,000 થી વધુ વૉરહેડ્સ(બોમ્બ) સુધી પહોંચવાના માર્ગ પર છે. સેટેલાઇટ ઈમેજોમાં દક્ષિણ-પશ્ચિમ ચીનના સિક્યુઆન પ્રાંતના પહાડોમાં ઊંડે આવેલી ગુપ્ત પરમાણુ સુવિધાઓમાં વિસ્તરણ અને અપગ્રેડેશન જોવા મળ્યું છે, જે સુવિધાઓ અરુણાચલ પ્રદેશથી લગભગ 800 કિમી દૂર છે. આની વિગતો ન્યૂયોર્ક ટાઇમ્સ(NYT)ના અહેવાલમાં આપવામાં આવી હતી, જેમાં સિક્યુઆનની ખીણોમાં બે મુખ્ય સાઇટ્સ પર ભાર મૂકવામાં આવ્યો હતોઃ ઝિતોંગ અને પિંગતોંગ. માઓ ઝેડોંગ યુગની ચીનની થર્ડ ફ્રન્ટ પહેલના ભાગરૂપે આ સુવિધાઓ મૂળભૂત રીતે છ દાયકા પહેલા અમેરિકા અથવા તત્કાલીન સોવિયેત યુનિયનના સંભવિત હુમલાઓથી પરમાણુ ઉત્પાદનને બચાવવા માટે બનાવવામાં આવી હતી. NYT અહેવાલ મુજબ, હજારો વૈજ્ઞાનિકો, ઈજનેરો અને કામદારોએ પહાડી વિસ્તારોમાં આંતરિક પરમાણુ સામ્રાજ્ય કોતરી કાઢ્યું હતું. પરંતુ 1980 ના દાયકામાં તણાવ ઓછો થતાં ઘણી સાઇટ્સમાં ઘટાડો કરવામાં આવ્યો હતો અથવા તે બંધ કરવામાં આવી હતી. આ સાઇટ્સના કર્મચારીઓ નજીકના મિયાનયાંગમાં નવી લેબમાં ખસેડાયા હતા. જો કે, છેલ્લા બે દાયકામાં પરિસ્થિતિ બદલાઈ છે. જિયોસ્પેશિયલ ઈન્ટેલિજન્સ એક્સપર્ટ રેની બાબિયાર્ઝ, જેમણે સેટેલાઈટ ઈમેજનું વિશ્લેષણ કર્યું અને NYT સાથે તેમના તારણો શેર કર્યા, તેમણે આ ફેરફારોને ઝડપી વૃદ્ધિ તરીકે વર્ણવ્યા છે. બાબિયાર્ઝે નોંધ્યું હતું કે ચીનભરમાં વિવિધ પરમાણુ સાઈટ્સ પર ઉત્ક્રાંતિ 2019ની આસપાસથી વેગ પકડી રહી છે.

## JEE-મેઈન : ગુજરાતના એક સહિત દેશના 12 વિદ્યાર્થીઓએ મેળવ્યા 100 પર્સેન્ટાઈલ

**ફાઈનલ** આન્સર કીમાં 9 પ્રશ્નો પડતા મૂકવામાં આવ્યા હતા, તે પાળીના તમામ વિદ્યાર્થીઓને તેના પૂરા માર્ક્સ આપવામાં આવ્યા, પરીક્ષામાં 13.04 લાખથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હતા

### 100 NTA સ્કોર મેળવનાર વિદ્યાર્થીઓ

પરફેક્ટ સ્કોર મેળવનારાઓમાં રાજસ્થાનના કબીર છિલ્લર, ચિરંજીબ કર અને અર્ણવ ગૌતમનો સમાવેશ થાય છે. આંધ્રપ્રદેશના નરેન્દ્રબાબુ ગારી માહિત અને પાસાલા મોહિતે પણ આ સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત ગુજરાતના પુરોહિત નિમય, દિલ્હીના શ્રેયસ મિશ્રા, બિહારના શુભમ કુમાર, ઓડિશાના ભાવેશ પાત્રા, હરિયાણાના અનય જૈન, મહારાષ્ટ્રના માધવ વિરાડિયા અને તેલંગાણાના વિવન શરદ માહેશ્વરીએ 100 પર્સેન્ટાઈલ મેળવી પોતપોતાના રાજ્યનું નામ રોશન કર્યું છે.

**નવી દિલ્હી, તા. 16 (PTI):** નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ સોમવારે એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા જેઈઈ-મેઈન 2026ના પરિણામો જાહેર કર્યા છે, જેમાં 12 ઉમેદવારોએ 100 પર્સેન્ટાઈલ સાથે પરફેક્ટ સ્કોર મેળવ્યો છે જેમાં સૌથી વધુ વિદ્યાર્થી રાજસ્થાનના છે જ્યારે એક ગુજરાતનો છે.

આ મહત્વપૂર્ણ પરીક્ષાના પ્રથમ સંસ્કરણમાં 13.04 લાખથી વધુ વિદ્યાર્થીઓ બેઠા હતા. આ વર્ષે સૌથી વધુ સફળ ઉમેદવારો રાજસ્થાનના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ સહિત અન્યોથી મેળેલી ફરિયાદ બાદ ફાઈનલ આન્સર કીમાં નવ પ્રશ્નો પડતા મૂકવામાં આવ્યા હતા. જે પાળીમાં (શિફ્ટ) પ્રશ્નો રદ થયા હોય, તે પાળીના તમામ વિદ્યાર્થીઓને તેના પૂરા માર્ક્સ આપવામાં આવ્યા છે. નોંધનીય છે કે ગયા વર્ષે 6 પ્રશ્નો પડતા મૂકાયા હતા. એનટીએ સ્કોર એ મેળવેલા ગુણની ટકાવારી નથી, પરંતુ 'નોર્મલાઈઝડ' સ્કોર છે જે વિવિધ શિફ્ટમાં વિદ્યાર્થીઓના સાપેક્ષ પ્રદર્શનના આધારે 100 થી 0 ની વચ્ચે નક્કી કરવામાં આવે છે.

પરીક્ષામાં ગેરરીતિ અટકાવવા માટે એનટીએ દ્વારા આ વખતે કડક વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રથમવાર રજિસ્ટ્રેશન પ્રક્રિયામાં ઓટીપી-આધારિત 'આધાર ઈ-કેવાયસી' દાખલ

...અનુસંધાન પાના 15 પર

## વિશ્વની સૌથી મોટી AI સમિટનો દિલ્હીમાં આરંભ

**ભારત** મંડપમ ખાતે 'AI ઈમ્પેક્ટ સમિટ'માં વિવિધ વિષયો પરના સત્રો માટેના હોલ ખીચોખીચ ભરાઇ ગયા, એઆઇના જિજ્ઞાસુઓમાં અનેરો ઉત્સાહ

**સુંદર** પિચાઇ અને સેમ ઓલ્ટમેન જેવા દિગ્ગજોના સત્રો બુધવારથી શરૂ થશે, છેલ્લા બે દિવસમાં ફ્રાન્સ અને બ્રાઝિલના પ્રમુખો સહિત અનેક વિશ્વ નેતાઓ હાજર રહેશે

**નવી દિલ્હી, 16 (PTI):** વિશ્વની સૌથી મોટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સમિટ સોમવારે ખીચોખીચ ભરાયેલા હોલ અને લાંબી કતારો સાથે શરૂ થઈ હતી. ટેક દિગ્ગજો, ઉદ્યોગના નેતાઓ, નીતિ નિર્ધારકો, સ્થાપકો અને ટેકનોલોજીસ્ટ આ કોન્ફરન્સના સ્થળે ઉમટી પડ્યા હતા, જ્યાં ભારત AI ના વ્યાપને વધારવા અને 'ગ્લોબલ AI કોમન્સ' પર આંતરરાષ્ટ્રીય સમજૂતી મેળવવા માટે પ્રયત્નશીલ છે.

'AI ઈમ્પેક્ટ સમિટ'માં પ્રતિનિધિઓ, વક્તાઓ અને મહેમાનોનું સ્વાગત કરતા વિશાળ બિલબોર્ડ્સ આખા શહેરમાં જોવા મળ્યા હતા. ભારત મંડપમ ખાતે સવારે 09:30 વાગ્યે કોન્ફરન્સ શરૂ થઈ તે પહેલાં જ લાંબી કતારો જોવા મળી હતી, જે આ વિષય અને કોન્ફરન્સમાં લોકોના ઉત્સાહને દર્શાવે છે. હાઈ-પ્રોફાઈલ વક્તાઓ - આલ્ફાબેટના સુંદર પિચાઈથી લઈને

...અનુસંધાન પાના 15 પર




### AI ટ્રાન્સફર્મેશનમાં ભારત મોખરે ઉભું છે : મોદી

**નવી દિલ્હી, તા. 16 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે જણાવ્યું હતું કે ભારત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(AI) પરિવર્તનમાં મોખરે છે અને AI ક્ષેત્રે ભારતની પ્રગતિ મહત્વાકાંક્ષા અને જવાબદારી બંનેને પ્રતિબિંબિત કરે છે. તેમની આ ટિપ્પણી એવા દિવસે આવી છે જ્યારે તેઓ અહીં ભારત મંડપમ ખાતે 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ એક્સ્પો 2026' (India AI Impact Expo 2026)નું ઉદ્ઘાટન કરવા જઇ રહ્યા હતા. ભારત મંડપમ ખાતે 'ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ'ની સાથે 16

...અનુસંધાન પાના 15 પર

### AI સમિટને કારણે દિલ્હીમાં ઠેર ઠેર ટ્રાફિક જામ




**નવી દિલ્હી, 16 (PTI):** ભારત મંડપમ ખાતે પાંચ દિવસીય 'AI ઇમ્પેક્ટ સમિટ' માટે સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત અને ટ્રાફિક ડાયવર્ઝન લાગુ થવાને કારણે સોમવારે રાષ્ટ્રીય રાજધાનીના અનેક ભાગોમાં મુસાફરોએ ભારે ટ્રાફિક જામ અને પ્રવાસમાં વિલંબની ફરિયાદ કરી હતી. મુખ્ય માર્ગો અને પરિવહન કેન્દ્રો પર વાહનોની લાંબી કતારો અને અત્યંત ધીમી ગતિ જોવા મળી હતી, જેમાં સરાઈ કાલે ખાન પાસે દિલ્હી-મેરઠ એક્સપ્રેસવે, DND ફ્લાયવે, વિકાસ માર્ગ-ITO સ્ટ્રેચ, નારાયણા, દિલ્હી કેન્ટ મેટ્રો સ્ટેશન વિસ્તાર અને જૂની દિલ્હી રેલ્વે સ્ટેશન-પુલ મિઠાઈ કોરિડોરનો સમાવેશ થાય છે. અનેક મુસાફરોએ અડધા કલાકથી વધુ સમય સુધી ટ્રાફિકમાં ફસાયેલા રહેવાની જાણ કરી

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હી ડાયરી



### નવી દિલ્હીમાં અમેરિકી રાજદૂતનો 'રોકસ્ટાર' અંદાજ

ભારતમાં નવા યુએસ રાજદૂત સર્જીયો ગોર તેમના પુરોગામીઓ જેમ કે, જોન કેનેથ ગાલબ્રેથ અને ડેનિયલ મોયનિહાન જેવા વિદ્વાન રાજદ્વારીઓની પરંપરા કરતાં અલગ છે. રાજદ્વારી રૂઢિચુસ્તતાને બાજુ પર રાખીને ગોરે ચાણક્યપુરીના રાજદ્વારી વિસ્તારમાં ખૂબ જ ઉત્સાહ સાથે કાર્યભાર સંભાળ્યો અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને ઔપચારિક રીતે પોતાના ઓળખપત્રો રજૂ કરતાં પહેલાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તાશ્કંદમાં રશિયન માતા-પિતાને ત્યાં જન્મેલા ૩૮ વર્ષીય ગોર એક પ્રાકૃતિક અમેરિકન નાગરિક છે, જેઓ એક વિદ્યાર્થી કાર્યકર તરીકેની શરૂઆત કરીને રિપબ્લિકન મેગા (મેક અમેરિકા ગ્રેટ અગેન) શ્રેણીમાં ઝડપથી આગળ વધ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના માર્ગ-એ-લાગો નિવાસસ્થાન ખાતે ફંડ એકત્ર કરવાની કુશળતા, કાર્યક્રમોનું આયોજન અને અનૌપચારિક 'ડિસ્ક જોકી' (ડીજે) તરીકે તેમણે ટ્રમ્પ સાથે આત્મીય સંબંધો કેળવ્યા હતા. આશ્ચર્યની વાત નથી કે, ગોરે યુએસ એમ્બેસીમાં તેમના આગમનની દરેક વિગતનું આયોજન જાતે કર્યું હતું. તેઓ ચમકતી કાળી બીએમડબ્લ્યુ ગાડીમાં લાલ અને વાદળી ફ્લેશિંગ લાઇટો સાથે આવ્યા હતા. જ્યારે તેઓ સ્ટેજ તરફ આગળ વધ્યા ત્યારે લાઉડસ્પીકર પર 'હોલ્ડ ઓન, આઈએમ કમિન'' ગીત વાગી રહ્યું હતું. સમારોહના સંગીતમાં 'રિંગ ઓફ ફાયર' અને 'વાય.

...અનુસંધાન પાના 15 પર

તા. ૧૬-૦૨-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૪.૦° સે. | ૧૭.૮° સે. | ૩૫% |

### આજથી CBSEની ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા

## ધો. 10ના વિદ્યાર્થીઓનો પ્રથમ બોર્ડ પરીક્ષામાં ફરજિયાત હાજર રહેવા CBSEનો નિર્દેશ

**પ્રથમ** પરીક્ષામાં હાજર નહીં રહેનાર વિદ્યાર્થીઓને 'એસેન્શિયલ રિપીટ' શ્રેણીમાં મૂકવામાં આવશે

**નવી દિલ્હી, 16 (PTI):** સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) એ જણાવ્યું છે કે ધોરણ 10 ના વિદ્યાર્થીઓ માટે પ્રથમ બોર્ડ પરીક્ષામાં હાજર રહેવું ફરજિયાત છે, અને જેઓ પ્રથમ આવૃત્તિમાં ઓછામાં ઓછા ત્રણ વિષયોમાં પરીક્ષા નહીં આપે તેમને આવશ્યક પુનરાવર્તન શ્રેણીમાં મૂકવામાં આવશે, તેમ અધિકારીઓએ જણાવ્યું હતું. CBSE વર્ષ 2026 થી ધોરણ 10 માટે બે બોર્ડ પરીક્ષાઓની શરૂઆત કરી રહ્યું છે.

બોર્ડ દ્વારા આ સ્પષ્ટતા એવી કેટલીક વિનંતીઓ પ્રાપ્ત થયા બાદ કરવામાં આવી છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે જે વિદ્યાર્થીઓ પ્રથમ બોર્ડ પરીક્ષામાં હાજર રહી શક્યા નથી, તેમને બીજી બોર્ડ પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવી જોઈએ. CBSE પરીક્ષા નિયંત્રક સંયમ ભારદ્વાજે જણાવ્યું હતું કે, તમામ વિદ્યાર્થીઓ માટે પ્રથમ બોર્ડ પરીક્ષામાં હાજર રહેવું ફરજિયાત છે. તમામ ઉત્તીર્ણ અને પાત્ર વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન અને ભાષાઓ પૈકીના કોઈપણ ત્રણ વિષયોમાં તેમના પ્રદર્શનમાં સુધારો કરવાની મંજૂરી આપવામાં

...અનુસંધાન પાના 15 પર

## ટીના અંબાણી આજે ઈડી સમક્ષ થઈ શકે છે હાજર

**નવી દિલ્હી, તા. 16 (PTI):** રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીનાં પત્ની અને પૂર્વ અભિનેત્રી ટીના અંબાણી મની લોન્ડરિંગના એક કેસમાં પૂછપરછ માટે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) સમક્ષ હાજર થાય તેવી શક્યતા છે. 69 વર્ષીય ટીના અંબાણીને આ બીજી વખત સમન્સ પાઠવવામાં આવ્યું છે. અગાઉ 10 ફેબ્રુઆરીએ તેમને હાજર થવા જણાવાયું હતું, પરંતુ તેઓ આવ્યા ન હતાં, જેના પગલે એજન્સીએ 17 ફેબ્રુઆરી માટે નવું સમન્સ જારી કર્યું હતું. અધિકારીઓના જણાવ્યા

...અનુસંધાન પાના 15 પર

## સાયબર ફ્રોડ : સરકારને જાગૃતિ કેળવી વળતર આપવાનો સુપ્રીમનો આદેશ

**ટીવી અને** રેડિયો પર સાયબર અપરાધીઓની કાર્યપદ્ધતિ દર્શાવતા રેકોર્ડિંગ્સ દ્વારા લોકોને શિક્ષિત કરવા સુપ્રીમનું સૂચન

**નવી દિલ્હી, તા. 16 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે સાયબર છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકારે સાયબર સ્કેમમાં પોતાની મહેનતની કમાણી ગુમાવનારા લોકોમાં જાગૃતિ લાવવી જોઈએ, તેમને વળતર આપવું જોઈએ અને તેમનું રક્ષણ કરવું જોઈએ.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જલ ભુયાનની બેન્ચે અવલોકન કર્યું હતું કે સાયબર ગુનેગારો ખાસ કરીને વૃદ્ધોને નિશાન બનાવે છે, જેઓ લાખો નહીં પણ કરોડો રૂપિયા ગુમાવી રહ્યા છે. કોર્ટે સરકારને સૂચન કર્યું હતું કે ટીવી અને રેડિયો પર સાયબર અપરાધીઓની કાર્યપદ્ધતિ (મોડસ ઓપરેન્ડી) દર્શાવતા

...અનુસંધાન પાના 15 પર

## હું રાહુલિયન નથી : મણિશંકરના નિવેદનથી કોંગ્રેસમાં ખળભળાટ

**કેરળ** ચૂંટણી પહેલા અય્યરના 'બોમ્બ' જેવા નિવેદનઃ પિનારાયી વિજયનની સતત ત્રીજી જીતની આગાહી કરી

**નવી દિલ્હી, તા. 16:** કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરના વિવાદાસ્પદ નિવેદનોએ પક્ષમાં નવું રાજકીય તોફાન ઉભું કર્યું છે. અય્યરે જાહેર કર્યું હતું કે, 'હું રાહુલિયન નથી'. તેમણે કહ્યું કે તેઓ કોંગ્રેસમાં જ છે, પરંતુ રાહુલ ગાંધી કદાચ ભૂલી ગયા છે કે તેઓ પક્ષના સભ્ય છે. અય્યરે પોતાને ગાંધીવાદી, નેહરુવાદી અને રાજીવિયન ગણાવ્યા હતા પરંતુ 'રાહુલિયન' હોવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે જ તેમણે કેરળમાં પિનારાયી વિજયનની સતત ત્રીજી જીતની આગાહી કરી હતી.

કોંગ્રેસે આ નિવેદન બદલ તેમની ટીકા કરી હતી પણ તેમણે આ ટીકાની પરવા કર્યા વગર અય્યરે ફરી એકવાર ભવિષ્યવાણી કરી કે કેરળમાં

...અનુસંધાન પાના 15 પર

## લગ્ન પૂર્વેના શારીરિક સંબંધોમાં સાવધ રહો, આંધળો વિશ્વાસ ન કરો : સુપ્રીમ

**અમે** જૂના વિચારોના હોઈ શકીએ પણ, લગ્નના ખોટા વચન અને સેક્સ સંબંધો પર સુપ્રીમ કોર્ટનું મોટું નિવેદન

**નવી દિલ્હી, તા. 16 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે એક મહત્વપૂર્ણ અવલોકન કરતા કહ્યું હતું કે લગ્ન પહેલા યુવક અને યુવતી એકબીજા માટે "સંપૂર્ણ અજાણ્યા" હોય છે અને તેમણે લગ્ન પૂર્વેના શારીરિક સંબંધો બાંધતી વખતે સાવધ રહેવું જોઈએ.

જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ઉજ્જલ ભુયાનની બેન્ચે લગ્નના ખોટા વચન આપી બળાત્કાર ગુજારવાના આરોપી વ્યક્તિની જામીન અરજી પર સુનાવણી કરી રહી હતી. આ દરમિયાન કોર્ટે મહિલાને સવાલ કર્યો હતો કે તે શા માટે છેક દુબઈ સુધી ગઈ જ્યાં તેમની વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા. જસ્ટિસ નાગરત્નાએ ઉમેર્યું કે ભલે અમે જૂના વિચારોના હોઈએ, પણ લગ્ન પહેલા કોઈએ કોઈના પર આંધળો વિશ્વાસ ન કરવો જોઈએ.

મહિલાના વકીલે દલીલ કરી હતી કે બંને 2022માં એક મેટ્રિમોનિયલ

...અનુસંધાન પાના 15 પર

## દેશમાં બેરોજગારી દરમાં મામુલી વધારો: જાન્યુઆરીમાં આંકડો 5 ટકાએ પહોંચ્યો

**નવી દિલ્હી, તા. 16 (PTI):** સોમવારે જાહેર કરાયેલા સરકારી સર્વે મુજબ, દેશમાં 15 વર્ષ અને તેથી વધુ વયના વ્યક્તિઓમાં બેરોજગારીનો દર આ વર્ષે જાન્યુઆરીમાં સહેજ વધીને 5 ટકા થયો છે, જે ડિસેમ્બર 2025માં 4.8 ટકા હતો. તાજા પિરિયોડિક લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ) મુજબ,

...અનુસંધાન પાના 15 પર

